# CLASS : IX

## Sample Question paper Summative Assessment:

## GUJARATI

Time : 3 Hrs | M. Mark : 80

The Question paper is divided in to four Section

| | | |
|---|---|---|
| Section : A | Reading Comprehension | 10 Marks |
| Section : B | Writing | 18 Marks |
| Section : C | Grammar | 12 Marks |
| Section : D | Literature (Text Book) | 40 Marks |

All Questions are compulsory.

Marks are indicated against each Question.

### Section : A Reading Comprehension (10 Marks)

પ્રશ્ન-1 (અ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ નો વિકલ્પ શોધી સાચો જવાબ લખો. **05**

વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાના ફળ આપે છે. પરોપકારી મનુષ્યો એવા જ હોય છે. જે આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકારાર્થે ન થવાનો હોય તો તેની ઉપયોગિતા શી? સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે. શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદ્ગુણો તજતા નથી. જગત તેમની સ્તુતિ કરે કે ન કરે તેઓ શ્રીમંત હોય કે ગરીબ. તેઓ અલ્પાયુ હોય કે દીર્ઘાયુ હોય. તેઓ પોતાના માર્ગમાંથી ચલિત

ચતા નથી. જે બીજાના માટે જીવતા નથી તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવું એ તો કાગડાનું જીવન. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ પોતાનું જીવન સાર્થક કરે છે.

પ્રશ્નોત્તર

1 પરોપકારી મનુષ્યોને કોની સાથે સરખાવ્યા છે?
(અ) સુખડના વૃક્ષ સાથે.
(બ) છાંયડા સાથે.
(ક) વૃક્ષો સાથે.

2 સોનું તપાવવાથી શું થાય?
(અ) વધારે સુવાસ આપે.
(બ) વધારે ચળકાટ ધારણ કરે.
(ક) વધારે રસ આપે.

3 ઉદાર મનુષ્યોની વિશેષતા શી છે?
(અ) તેઓ પોતાના સદ્‌ગુણો તજતા નથી.
(બ) તેઓ શ્રીમંત હોય છે.
(ક) તેઓ દીર્ઘાયુ હોય છે.

4 કોનું જીવન નિરર્થક છે?
(અ) જે સૃષ્ટિનું કલ્યાણ કરે છે.
(બ) જે જીવવા ખાતર જીવે છે.
(ક) જે બીજાના માટે જીવતા નથી.

5 ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.
(અ) સૃષ્ટિ અને પરોપકારી જીવન
(બ) જીવનની સાર્થકતા
(ક) વૃક્ષ અને પરોપકારી મનુષ્ય.

બ નીચેનો ગદ્યખંડ વાંચી લખી નીચે આપેલા પ્રશ્નોના જવાબ તમારી ભાષામાં લખો. 05

હવાનું પ્રદૂષણ, પાણીનું પ્રદૂષણ તેમ અવાજનું પ્રદૂષણ પણ દિનપ્રતિદિન વધતું જાય છે. આ એક ચિંતાનો વિષય છે. ઘરમાં, શાળામાં, સભામાં કે રમતના મેદાન પર મોટેથી વાતો કરવી એ કુટેવ છે. એવી જ રીતે

રેડિયો કે ટેલિવિઝનનો અવાજ મોટો રાખવો શિષ્ટાચારની વિરુદ્ધ છે. નવરાત્રિ કે લગ્નપ્રસંગે રાતે મોડે સુધી કાનના પડદા તોડી નાખે એવો લાઉડસ્પીકરનો અવાજ રાખવો એ સામાજિક દૂષણ છે. અવાજનું પ્રદૂષણ ઘટાડવું એ શું આપણા હાથની વાત નથી? આવો, આપણે સાથે મળી અવાજનું પ્રદૂષણ ઘટાડવાનો સંકલ્પ કરીએ. આપણે ઘર, શાળા, સભા કે મેદાન પર શાંતિ જાળવીશું. રેડિયો અને ટેલિવિઝનનો અવાજ બહુ ધીમો રાખીશું. નવરાત્રિ કે લગ્ન જેવા પ્રસંગે લાઉડસ્પીકરનો મર્યાદિત ઉપયોગ કરીશું.

## પ્રશ્નોત્તર

1 આપણા સૌ માટે ચિંતાનું કયું કારણ છે?

2 કયા પ્રસંગોએ રાતે મોડાસુધી લાઉડસ્પીકરનો ઉપયોગ થાય છે?

3 શું કરવું શિષ્ટાચારની વિરુદ્ધ છે?

4 અવાજનું પ્રદૂષણ ઘટાડવા આપણે કયો સંકલ્પ કરીશું?

5 ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

## Section : B Writing (18 Marks) 10

પ્રશ્ન-2 અ. નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો અથવા વાર્તા લખો.

1 મારો પ્રિય તહેવાર

2 મારું વતન

3 રમત ગમતનું મહત્વ

4 વૃક્ષ આપણા જીવનદાતા.

અથવા નીચે આપેલા મુદ્દાઓ પરથી આશરે 200 શબ્દોમાં વાર્તા લખો.

એક ખેડૂત - ચાર દીકરા - દીકરા આળસુ - ખેડૂતને ચિંતા - ખેડૂતની માંદગી - ચારે દીકરાઓને બોલાવવા - 'ખેતરમાં રૂપિયા ભરેલા ચરુ છે' એમ કહેવું - અવસાન = દીકરાઓએ ખેતર ખોદી કાઢવું - રૂપિયા ન મળવા - બી વાવવાં - સારો પાક થવો - શિખામણ. (4) 05

બ. તમારા મિત્રને અભ્યાસનું મહત્વ સમજાવતો પત્ર લખો.

## Section-C Grammar (12 Marks)

પ્રશ્ન-3 કૌંસમાં આપેલ સૂચના મુજબ કરો. 06

અ.

1 હું સત્ય બોલું છું. (ક્રિયાપદ ઓળખીને લખો)

2 મારે ઘેર જવું છે. (સહાયકારક ક્રિયાપદ લખો)

3 કૃષ્ણ ગોપીઓ સાથે રાસ રમતાં હતાં. (ક્રિયાપદ લખો)

4 ઘોડો રાણી (જાતિ બદલો.)

5 છોકરાંઓ મેદાનમાં રમતાં હતાં. (વચન બદલો)

6 પક્ષી ઝાડ ઉપર બેઠું છે. (વચન બદલો)

બ. નીચેના વાક્યોને સુધારીને ફરીથી લખો. 03

1 અહીં શુદ્ધ ગાયનું ઘી મળે છે.

2 વિનોદે રમત રમતું હતુ.

3 રામનું પત્ની ના નામ સીતા હતુ.

ક 1 નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. 03

અતિથિ ઈશ્વર

2 નીચેના શબ્દોના વિરોધી શબ્દો લખો.

સંયોગ પ્રાચીન

3 નીચેના રૂઢિપ્રયોગોના અર્થ લખો.

1 હાથ ઝાલવો.

2 કાન પકડવો.

# Section : D : Literature Text Book (40 Marks)

પ્રશ્ન-5 તમારાં પાઠયપુસ્તકમાંથી લેવાયેલો નીચેનો ગદ્યખંડ 05
અ. વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.

હવે સફરુદીન ચાચા માત્ર નિશાળનાં છોકરાંઓને લાવવા-મૂકવા સિવાય ગાડી ચલાવતાં નથી, પણ મોહયુદીન ચેતકને લઈ ફેરા વધારતો જ રહ્યો. પરિણામે ચાચા આટલાં વર્ષે જે ન કરી શક્યા તે મોહયુદીન થોડા જ સમયમાં કરી શક્યો. જૂની ખુરશી, જૂના કબાટ ને જૂના બારણાને સ્થાને બધું નવું આવ્યું. ઘરની રોનક બદલાઈ ગઈ. સગાંસંબંધી પણ કહેવા માંડયાં: 'મોહયુદીન સાચો દીકરો નીકળ્યો. મા-બાપને સુખી કર્યાં.' આવું સાંભળી મોહ્યુ મલકાઈ જતો. સૌનું તેના તરફ ધ્યાન જતું; ચાચાના છાના નિસાસા તરફ કોઈની નજર ન પડતી.

પ્રશ્નોત્તર

1 સફરુદીન ચાચા ગાડી ક્યારે ચલાવતા હતા?
2 ઘરમાં શું શું જૂનું હતું?
3 ઘરની રોનક શા કારણે બદલાઈ ગઈ?
4 સગાંસંબંધી શું કહેતા હતા?
5 ચાચા નિસાસા શા માટે નાખતા હતા?

બ. નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના કારણો આપો. 04
1 લેખકે માથા પર ટોપી ધારણ કરવા માંડી.
2 લીલાં ચાંદાને ટવનવા પ્રલોભનો આપતી.
3 લેખકે પ્રસન્નતાને ચમત્કાર કહ્યો છે.

પ્રશ્ન-5 કોઈપણ ત્રણ પ્રશ્નોના માત્ર એક જ વાક્યમાં ઉત્તર લખો. 03

અ. 1 કાબર કયા કુળનું પંખી છે?

2 નીરજના કયા પ્રસ્તાવથી લીલાંને ફાળ પડી?

3 લેખકે કેવી રીતે મન મનાવી લીધું?

4 પ્રસન્નતા એટલે શું?

બ નીચેમાંથી કોઈપણ બે પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો. 08
(80 શબ્દોમાં)

1 ટાલનિવારણ માટે લેખકે કરેલા પ્રયત્નો વર્ણવો.

2 કાબરનાં રૂપ-રંગ અને શરીરનું વર્ણન કરો.

3 'મારે ઘેર જવું છે' વાર્તાનું શીર્ષક તમારી ભાષામાં સમજાવો. આ શીર્ષક કઈ રીતે યોગ્ય લાગે છે? લખો.

પ્રશ્ન-6 નીચેની કાવ્યપંક્તિઓ વાંચી તેની નીચે આપેલા 04
અ. પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.

હરિનો મારગ છે શૂરાનો
નહીં કાયરનું કામ જોને
પરથમ પહેલું મસ્તક મૂકી,
વળતી લેવું નામ જોને.
સુત વિત દારા શીશ સમર્પે
તે પામે રસ પીવા જોને
સિન્ધુ મધ્યે મોતી લેવા,
માંહી પડ્યા મરજીવા જોને.

પ્રશ્નોત્તર

1 ઉપરની પંક્તિઓ કયા કાવ્યની છે? તેના કવિનું નામ લખો.

2 કવિએ હરિનો મારગ શૂરાનો શાથી કહ્યો છે?

3 કયા લોકો હરિરસ પ્રાપ્ત કરી શકે?

4 મરજીવાના દૃષ્ટાંત દ્વારા કવિ શું કહેવા માંગે છે?

(બ. કારણો આપો. (ગમે તે બે.) 02

1 સવાર પડતાં કવિ ઈશ્વરનો જશ ગાય છે.

2 વિદ્યાધન અમૂલ્ય કહેવાય છે.

3 કવિ મોરને પંખીરાજ કહે છે.

પ્રશ્ન.7 માત્ર એક જ વાક્યમાં જવાબ લખો. 04

અ 1 કવિ ઈશ્વરને કઈ રીતે સ્મરે છે?

2 કવિએ સોરઠના લોકોની કઈ વિશેષતા દર્શાવી છે?

3 ગામડાં પોતાને કઈ બાબતમાં સોહામણાં ગણાવે છે?

4 કવિની દૃષ્ટિએ જરાવર્ષમાં ધાર કોને કહેવાય?

બ. નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના ઉત્તર વિસ્તારથી લખો. 08

1 આપણાં દેશનાં ગામડાંની કઈ કઈ સમાનતાઓ અહીં દર્શાવાઈ છે? લખો.

2 'આપણા મલકમાં' કાવ્યના આધારે સોરઠની ધરતીની વિશેષતાઓ વર્ણવો.

3 'પ્રભાતવર્ણી' કાવ્યમાં નિરૂપાયેલું સવારનું વર્ણન તમારા શબ્દોમાં લખો.

—×—×—×—